# પાલનપુરમાં ડમ્પરચાલકો દ્વારા ફરીથી ખનિજ ચોરી શરુ

## તંત્ર ડમ્પરચાલકો પર નજર રાખે છે કે ડમ્પરચાલકો તંત્ર પર એ જ નથી સમજાતું : ધાખા અને અનાપુરના રસ્તા પર તંત્રએ તપાસ હાથ ધરતા ડમ્પરચાલકોએ બાપલાવાળો રસ્તો અપનાવ્યો



બનાસ નદીમાંથી ખનીજ ચોરી નો પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને તે બાબતે તંત્ર પણ આળશ મરડી ઊંઘ માંથી જાગ્યું હતું અને રાત્રે ધાનેરા આજુ બાજુના ચોર રસ્તે થી ૯ ખનીજ ચોરી વાળા ડમ્પર પકડી ૨૦ લાખ જેટલો દંડ વસુલ્યો હતો પરંતુ તંત્રએ તે બાદ ઢીલી નીતિ અપનાવતા આજે ફરીથી આ ડમ્પફ ચાલકો બેફામ બની ખનીજ ચોરી કરી રહ્યા છે.

બનાસકાંઠા ની બનાસ નથી માંથી રેતી ચોરી નું મોટું કૌભાંડ ચાલી રહ્યું હતું અને તે બાબતે ધાનેરા ના જાગૃત નાગરિક ધ્વરા થાવર આરટીઓ ચેક પોસ્ટ ઉપર લેખિત રજૂઆત કરતા અને સમગ્ર ઘટના મીડિયા ધ્વરા બહાર લાવતા તંત્ર હરકત માં આવ્યું હતું અને તાપસ હાથ ધરી હતી ત્યારે ધાનેરા નજીક રેતી ભરેલા ૯ જેટલા ડમ્પરો ઝડપી ૨૦ લાખ જેટલો દંડ ફટકાર્યો હતો તેને ખનીજ ચોરો માં ફડાટ મચી જવા પામ્યો હતો અને તમામ ખનીજ ચોરો ભૂગર્ભ માં ઉતારી ગયા હતા પરંતુ થોડા દિવસ બાદ તંત્ર ધ્વરા ઢીલી નીતિ અપનાવતા આજે ફરીથી આ ડમ્પર ચાલકો બેફામ બની ગયા છે અને ચોર રસ્તે ખનીજ ચોરી કરવાનું ચાલુ કરી દીધું છે પહેલા ડમ્પર ચાલકો ધાખા અને અનાપુર વાળા રસ્તે ચાલતા હતા પરંતુ આ રસ્તા ઉપર થાવર આરટીઓ ધ્વરા ચેકીંગ હાથ ધરતા હવે ડમ્પર ચાલકો એ વિઠોદર, ખીમત થઈ બાપલા વળે રસ્તે ખનીજ ચોરી કરી ગુજરાત માંથી રેટ રાજેસ્થાન પહોંચાડે છે માટે લોકો ઈચ્છી રહ્યા છે કે જિલ્લા નું ખાણ ખનીજ વિભાગ આ રસ્તા ઉપર પણ તાપસ હાથ ધારે તો મોટી ખનીજ ચોરી ઝડપાય ત્યારે હવે જોવાનું રહે છે કે ક્યારે ખાણ અને ખનીજ વિભાગ તપાસ કરે છે તે તો સમય જ બતાવશે.



## ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના સિન્ડિકેટ સભ્ય તરીકે હરેશ ચૌધરીની નિમણુંક

ગુજરાત સરકાર દ્વારા હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના સિન્ડિકેટ મેમ્બર (એકસ્કયુટીટીવ કાઉન્સિલ



મેમ્બર) તરીકે યુવાનોના માટે પ્રેરણા સ્ત્રોત કહી શકાય એવા કે જે નિત-નવા સેવાકીય કાર્યો કરી યુવાનોને સદ્કાર્યો માટે પ્રેરતા શ્રી હરેશ ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે.છેલ્લા કેટલાય સમયથી વિદ્યાર્થીઓની મુશ્કેલીને વાચા આપી યોગ્ય નિરાકરણ લાવતા એવા શ્રી હરેશ ચૌધરીની નિમણુંક કરાતા યુવાનો- વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી પ્રસરી છે. બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપના પ્રમુખ, બનાસકાંઠા જિલ્લા ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ,બનાસકાંઠા જિલ્લા કરાટે એસોસિએશનના પ્રમુખ, સદભાવના ગ્રુપના ચેરમેન શ્રી હરેશભાઈની નિમણુંક ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના સિન્ડિકેટ મેમ્બર તરીકે થતા ઉત્તર ગુજરાતના તમામ યુવાનોને એમની સેવાનો લાભ મળશે એવી આશા યુવાનો સેવીરહ્યા છે.






## ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં દર્દીએ નર્સને લાફો મારતા હોબાળો

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં બુધવાર સવારે એક દર્દીએ નર્સને લાફો મારી દેતા તેને પોલીસમાં ફરિયાદ આપી હતી. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં થી મળતી વિગતો અનુસાર બુધવાર સવારે વસંતબેનની માઈનોર ઓપરેશન થિયેટરમાં ફરજ હતી. સવારે ૧૦ વાગે દર્દીની તપાસ માટે ગયા હતા અને ત્યાં બારણાના કાચ તૂટેલા હતા. જેથી તેમને સ્ટાફના નાનજીભાઈ અને અમિતભાઈને પૂછતા બાજુમાં દાખલ થયેલ દર્દી ભાવનસિંહ, ૨૭ વર્ષ, રહે. રાધીવાડનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ આ કાચ મેં નથી તોડ્યો તેમ કહી જેમ તેમ ગાળો બોલી માથાના ભાગે અને મોઢા ઉપર ચાર પાંચ લાફા મારી દીધેલા અને બાજુમાં પડેલ તેના હાથમાં લઈ મારવા જતા બીજો કર્મચારી વચ્ચે પડી વધુ માર મારી બચાવેલ જે અંગે વસંતબેને ભાવનસિંહ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ખેડબ્રહ્મા શહેરમાં પાડોશી ઝઘડતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો

ખેડબ્રહ્માના હાર્દસમા વિસ્તાર માણેકચોકમાં વસતા સોની ગોવિંદભાઈને પાડોશી પતિ પત્ની અને બે દિકરાએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઈજાગ્રસ્તની પત્નીએ ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા શહેરના માણેકચોક વિસ્તારમાં રહેતા ગોવિંદકુમાર ભેરુલાલ સોનીનું નવીન મકાન વિજય સિટીમાં પાસે બની રહ્યું છે જેની બાજુમાં ધર્મચંદ નારમલ શાહનું મકાન આવેલ છે. ૧૨ જુલાઈ સાંજના ગોવિંદભાઈ નવા ઘરે ગયા હતા અને ઘરમાં પડેલ નકામી સાવરણી બહાર રોડ પર ફેંકી હતી. જેથી પાડોશમાંથી સતિષભાઈ શાહ બાઈક પરથી આવી ધમકી આપી જણાવેલ કે તમે આમારી બાજુ દીવાલ કેમ બનાવો છો આવું જણાવી ધમકી આપી અને તે સમયે તેના ભાઈ પિતા અને માતા પણ આવી ગોવિંદભાઈને નિચે પાડી ગાડદાપાટુ મારવા લાગતા બુમાબુમ થતા ગોવિંદભાઈના પત્ની લતાબેન અને કોન્ટ્રાકટર ગુલાબભાઈ અને પાડોશી મુન્નીબેન આવી વચ્ચે પડી ગોવિંદભાઈને છોડાવેલ હતા. ત્યારે જતા જતા તે લોકો ધમકી આપી જતા રહયા હતા.

## બોલેરો જીપ પર જીઈબી (ગેટકો) લખી બુટલેગરોની પોલીસની આંખમાં ધૂળ નાખવાનો કીમિયો નિષ્ફળ

શામળાજી, તા. ૧૭

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કાયદો કાગળ પર અમલવારી રહેતા નામ પૂરતી દારૂ બંધી વચ્ચે વિદેશી દારૂની ખપતને પહોંચી વળવા બુટલેગરો નિતનવા નુસખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બન્યા છે. શામળાજી પીએસઆઈ સંજય શર્માએ ચાર્જ સાંભળતાની સાથે રતનપુર ચેકપોસ્ટ પરથી ૨૪ કલાકમાં વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડાતા ત્રણ વાહનો સાથે લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરો મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ અને અંતરિયાળ વિસ્તારમાંથી રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા સઘન ચેકીંગ હાથ ધરાતા ધુળેટા ગામ નજીક નાકાબંધી જોઈ જીઈબી (ગેટકો) લખેલી બોલેરો કારનો ચાલક કાર રોડ મૂકી ફરાર થઈ જતા પોલીસે બોલેરોજીપમાં તલાસી લેતા પાછળની સીટમાં સંતાડેલ વિદેશી દારૂ અને બીયરના ટીન નંગ-૩૪૮ કીં. રૂ.૮૭૬૦૦ તથા બોલેરો જીપ કીં. રૂ.૫૦૦૦૦૦ મળી કુલ રૂ.૫૮૭૬૦૦નો જથ્થો જપ્ત કરી ફરાર જીપચાલક વિરુદ્ધ




પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પીએસઆઈ રાઠોડે બાતમીના આધારે અઢોડીયા ગામ નજીકથી બાતમીના આધારે રાજસ્થાનમાંથી બાઈક પર કંતાનના કોથળામાં સંતાડીને લવાતો પ્રિન્સ દેશી મદિરાના ક્વાંટરીયા નંગ-૧૯૨ કીં. રૂ.૧૯૨૦૦ અને વિદેશી દારૂના ક્વાંટરીયા નંગ-૪૦ કીં. રૂ.૬૦૦૦નો જપ્ત કરી સુરેશ પ્રતાપ પગી નામના બુટલેગરની ધરપકડ કરી બાઈક કીં. રૂ.૩૫૦૦૦ મળી કુલ રૂ.૬૦૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી બાઈક પાછળ બેઠેલ શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સજા પર રોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા ૨૧મી ફેબ્રુઆરીના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. તે વખતે સુનાવણી પુરી કરીલેવામાં આવી હતી. ચુકાદો અનામત રાખ્યા બાદ આશરે પાંચ મહિના પછી જજ યુસુફના નેતૃત્વમાં પાંચ સભ્યોની બેંચે પોતાનો ચુકાદો આપ્યો છે. પાકિસ્તાન સજાની ફેરવિચારણા કરે તે જરૂરી છે. આનો મતલબ એ થયો કે, જાધવની મૃત્યુદંડની સજા ઉપર આઈસીજે દ્વારા મે ૨૦૧૭માં જે પ્રતિબંધ મુક્યો હતો તે જારી રહેશે. પાકિસ્તાને વિયેના સમજૂતિનો ભંગ કર્યો છે. ઈન્ટરનેશનલ કોર્ટે કહ્યું છે કે, જાધવને પણ કાઉન્સિલર એક્સેસની મંજુરી મળવી જોઈએ. પાકિસ્તાને વિયેના સમજૂતિની કલમ ૩૬(૧)નો ભંગ કર્યો છે.

પાકિસ્તાને ભારતના લોકોને કુલભુષણને મળવાની મંજુરી આપી ન હતી. સાથે સાથે તેમના તરફથી કોર્ટમાં રજૂઆત કરવાની તક પણ આપી ન હતી. હવે ભારતીય હાઈકમિશનર જાધવને મળી શકશે અને તેમને વકીલ અને અન્ય કાયદાકીય સુવિધાઓ આપી શકશે. ભારતની અપીલને સ્વીકાર ન કરવાની દલીલ ૧૫-૧થી ફગાવી દેવામાં આવી હતી. પાકિસ્તાને ભારતની અપીલની સામે જે દલીલો કરી હતી તેમાં એક દલીલ એ હતી કે, આઈસીજેમાં ભારતની અરજી સ્વીકાર કરવા માટે લાયક નથી.

# આ વર્ષે વરસાદ મધ્યમ અને પાછોતરો રહેશે

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગોપાળાનંદ સ્વામીની પવિત્ર પાવન જન્મભુમીમાં સ્વામીનારાયણ મંદીરે અષાઢી તોલાઈ હતી. આ વર્ષે વરસાદ મધ્યમ અને પાછોતરો રહેશે તેમ હરી ભક્તોએ જણાવ્યું હતું. ખેડુતો, વેપારીઓ અને નોકરીયાત વર્ગ અષાઢીનો તોલ સાંભળવા માટે છેલ્લા કેટલાક સમયથી ઉત્સુક હતા. વર્ષોથી ચાલી આવતી આ ઐતિહાસિક પરંપરા મુજબ સ્વામીનારાયણ મંદીર પરીસરમાં તોલાતી અષાઢી સાંભળવા માટે સૌ-કોઈ પ્રતિ વર્ષ તત્પર રહેતા હોય છે. સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય પાકોની પોટલીઓ બનાવી સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ પોટલીઓ બાંધી સ્વામીનારાયણ ભગવાન પાસે મુંકવામાં આવે છે. તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ વરસાદ એકદંરે મધ્યમ અને પાછોતરો વરસાદ થાય તેવું અનુમાન છે. શિયાળુ પાક પણ સારો થઈ શકે તેવું પણ અનુમાન છે.

ટોરડા મંદીરએ અષાઢી તોલાઈ ત્યારે ખેડુતો, વેપારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અષાઢીના તોલનો વર્તારો વર્ષોથી એકદંરે સાચો પડે છે.

અષાઢીનો વર્તારો અને વધઘટ



નીચે મુજબ છે.

(૧) લાલ માટી - ૩ કણ વધારે (૨) કાળી માટી- ૨ કણ ઘટ (૩) રસકસ - ૧૦૪ કણ ઘટ (૪) અડદ - બરાબર (૫) મગ - ૫ કણ વધારે (૬) ચણા - ૧૨ કણ વધારે (૭) બાજરી - બરાબર (૮) કપાસ - ૭ કણ વધારે (૯) ઘઉં - ૩ કણ વધારે (૧૦) ડાંગર - બરાબર (૧૧) મકાઈ - બરાબર અષાઢી તોલના વર્તારા મુજબ મધ્યમ અને પાછોતરો વરસાદ થશે એકદંરે વર્ષ સારૂ નિવડે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગોપાળાનંદ સ્વામીના અનેક ચમત્કારીક પરચા અપરંપાર છે. શામળાજી થી કાળીયા ઠાકોર શામળીયા ભગવાન ગોપાળાનંદ સ્વામી સાથે ટોરડા ગામે રમવા આવતા હતા તે સમયકાળ દરમ્યાન શામળીયા ભગવાનનું ઝાંઝર ત્યાં રહી ગયું હતું. સાળંગપુર કષ્ટભંજન દેવની મુર્તીની સ્થાપના ગોપાળાનંદ સ્વામીએ કરી છે. હરી ભક્તોના દુઃખ દુર કરવાની પ્રેરણા પુરી પાડી હતી. ટોરડા સ્વામીનારાયણ મંદીરે દુર-દુરથી રોજે-રોજ દર્શનાર્થે હરી ભક્તો આવી અલૌકિક મંદીરે દર્શન કરી ધન્યતા અનુભવે છે.

### કાયાપલટ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રક્ષાશક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બનાવવામાં આવશે.

નરોડા-દહેગામ-ધનસુરા રોડ ૧૧ કિ.મી.નો છે તે રૂ. ૫૧ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આ ઉપરાંત ચિલોડા-મગોડી-દહેગામ રોડ રૂ. ૩૦ કરોડના ખર્ચે તેમજ દહેગામ-ઉત્કંઠેશ્વર રોડ રૂ. ૪૫ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

### સ્થિતિ વણસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકબાજુ આસામમાં પુરની સ્થિતી વધારે વણસી ગઈ છે. રાજ્યમાં ૩૩ જિલ્લાઓ પૈકી ૩૦ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે. આસામમાં મોતનો આંકડો વધીને ૨૪ ઉપર પહોંચી ગયો છે.૪૫ લાખ લોકોને માઠી અસર થઈ છે.ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં સ્થિતિ ગંભીર બનેલી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અસરગ્રસ્ત તમામ લોકોને ૬૮ રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ભારે વરસાદ બાદ ઉભી થયેલી પુરની સ્થિતિના કારણે ૧૫૩૨૧૧ હેક્ટર પાક જમીનને નુકસાન થયું છે. રાજ્ય સરકાર દ્વારા બચાવ કામગીરી વધુ તીવ્ર કરી દેવામાં આવી છે.

### આજથી પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી પુરવઠાનો સપ્લાય બંધ રહ્યો હતો. સવારે નવા સેકટરોમાં નળમાં પાણી ન આવતા ગૃહીણીઓનુ મોં વંકાયુ હતુ. જો કે પાટનગર યોજના ભવનના તંત્ર દ્વારા આ મામલે અગાઉ નવા સેકટરના નાગરિકોને જાણ કરવામાં આવી હતી. જે મુજબ આજે પ્લાન્ટની સફાઈ કામગીરી હાથ ધરાતા આજે સે-૧ થી ૧૩ માં પાણીનો સપ્લાય બંધ રહ્યો હતો જો કે કેટલાક જાગૃત નાગરિકોએ આ મામલે પુર્વ તૈયારી કરી હોવાથી તેમને તકલીફ વેઠવી પડી ન હતી. સુત્રોના જણાંવ્યા મુજબ આજે પ્લાન્ટની સફાઈનુ કામ પુર્ણ થઈ ગયુ હોવાથી ગુરુવારથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપાવામાં આવશે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

સમુદ્રનું ગર્જનથી આકર્ષાઈને રાજા નરસિંહદેવે અહીં અનોખુ સ્થાપત્ય રચવાનો નિર્ણય કર્યો અને એક અફલાતુન સૂર્યમંદિરનું નિર્માણ થયું. અત્યારે આપણને જે મંદિર જોવા મળે છે તે ૧૦૦ ફૂટ ઊંચું છે. કૂદરતી તોફાનો અને આક્રમણખોરોએ એને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે. જ્યારે તેના શિખર અને મંડપ હયાત હતા ત્યારે તેની ઊંચાઈ ૨૦૦ ફૂટ હતી. તે સમયે તે કેટલું ભવ્ય લાગતું હશે એની કલ્પના કરી શકાતી નથી. જૂના જમાનામાં જ્યારે આ મંદિર સમુદ્રની બિલકુલ સામે હતું ત્યારે નાવિકો એને કાળો પેગોડા કહીને ઓળખતા હતા. જગન્નાથજીના મંદિરને તેઓ સહેદ પેગોડા તરીકે ઓળખતા હતા.

મંદિરની શરૂઆતમાં જ સીડીની બંને બાજુએ બે મોટા સિંહ મૂકેલા છે આ સિંહોએ તેમના પગ નીચે હાથી દબાવ્યા છે. હાથીઓએ વળી માણસને દબાવી દીધા છે. સિંહ અહીં અભિમાનનું પ્રતિક છે, હાથી ધનસંપત્તિનું પ્રતિક છે. અને સૌથી નીચે કચડાયેઓ મનુષ્ય મારું-તમારું પ્રતિક છે. શિલ્પકારે હશુંયે બોલ્યા વગર કેવડી મોટી વાત કહી દીધી છે ? આખું મંદિર એક રથના આકારનું છે. તેને સાત ઘોડાઓ ખેચી રહ્યા છે. મોટા ભાગના ઘોડા ખંડિત થયા હોવા છતાં ખુબ જ જીવંત લાગે છે. રથ આકારના મંદિરની બંને બાજુએ બાર બાર ચક્ર લગાવેલા છે. દરેક ચક્રનો ત્રણ મીટર વ્યાસ છે. આ બાર ચક્ર બાર મહિનાના પ્રતિક છે અને એના કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ એમ બે ભાગ પાડવામાં આવેલા છે. દરેક સમયગાળામાં મનુષ્યોએ શી શી પ્રવૃતિ કરવાની હોય છે એના સુંદર આલેખન ચક્ર પર કરવામાં આવ્યાં છે. આ સૂર્યમંદિરની આસપાસ અન્ય મદિરો હતાં જે હાલ અસ્તિત્વમાં નથી. ચક્રસિવાયની દીવાલ પર પણ અસંખ્ય અને અદભુત શિલ્પો કોતરેલાં છે. ભારતીય દેવી- દેવતાઓ, અપ્સરાઓ, નૃત્યાંગનાઓ, સંગીત વિશારદો અને કામશાસ્ત્રનાય શિલ્પો જોવા મળે છે. હાથી, ઘોડા, નાગકન્યાઓ વગેરે પણ નિહાળવા મળે છે.

શરૂઆતમાં તો હું અમારા પ્રવાસી મિત્રોની સાથોસાથ હતો. પણ મૂર્તિઓ જોવામાં અને એના ફોટા પાડવામાં હું ધીમે ધીમે પાછળ પડતો ગયો. એક સમય એવો આવ્યો કે હું સૌથી છેલ્લો રહી ગયો. તરસ બરાબરની લાગી હતી અને સાથી મિત્રો ક્યાંય દેખાતા ન હતા. મેં સુભાષને ફોન કર્યો તો જાણવા મળ્યું કે એ છેક હોટલે પહોંચી ગયો હતો. હું ઝટપટ બહાર આવ્યો. એક જગ્યાએ લીંબુ શરબત પીધું. ત્યાં બેત્રણ જણાને બદામ ખરીદતા જોયાં. મનમાં હાશ થઈ. ખબર નહીં કેમ હું ઝડપભેર હોટલ બાજુ ચાલવા માંડ્યો. ઉતાવળમાં રસ્તો ભૂલ્યો અને ખાસે આઘે અવળે રસ્તે જતો રહ્યો. થોડીકવારમાં ખબર પડી પણ એટલા સમયમાં તો હું ઘણે દૂર નીકળી ગયો હતો. પાછો વળ્યો અને કોઈ વાહન મળે તો તરત પાછા જતા રહેવાની ઈચ્છામાં ઘણી રિક્ષાઓને હાથ બતાવ્યા. પણ આવા સમયે જ આપણને કોઈ ખાલી વાહન મળતું નથી. નિરાશ થવાની અણી ઉપર હતો ત્યાં એક રિક્ષાવાળાના હૃદયમાં રામ વસ્યા એની રિક્ષામાં બેસી હું હોટલ પાસે આવ્યો. હું ઉતરવાની અણી ઉપર જ હતો ત્યાં સુભાષનો ફોન આવ્યો. હું રિક્ષામાંથી ઉતરી અમારી બસ ઊભેલી નહીં જોતાં આગળ વધ્યો. ભગવાનની કૃપા ગણો કે એ જ સમયે રમેશભાઈ બહાર નીકળેલા એ મને જોઈ ગયા. બૂમ પાડી. હું પાછો વળ્યો. હોટલમાં પ્રવેશ્યો ત્યારે બધાની થાળીઓ પીરસાઈ ગઈ હતી.

### લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલુ

**● સળગતા સૂર્યના વેરાણ રણની વચ્ચોવચ્ચ,**
**તને સ્મરું અને વરસાદ ધોધમાર પડે.**

**- આદિલ મન્સુરી**

**● મારો સાહ્યબો અષાઢી મેઘ છે સખી,**
**એને વરસતાં લાગે વાર...**
**પણ વરસે ત્યારે અનરાધાર...!**
**ઉપરથી લાગે છે કોરાધાકોર,**
**એની ભીતર ઘેરાતું આકાશ.**
**અષાઢી અણસારો ઓળખતા આવડે તો,**
**ચોમાસું છલકે ચોપાસ.**

**- તુષાર શુક્લ**

*સ્પર્શમણિ :*

વર્ષાઋતુમાં આપણે જોઈએ છીએ કે ધરતી દિલ ખોલીને પોતાના અંતરમાં પાણીને સમાવી લે આ પાણી વેડફાઈ જતુ નથી પણ જયારે ગ્રીષ્મઋતુ આગ વરસાવતી હોય છે ત્યારે પૃથ્વીના અંતરનું આ અમીઝરણ આપણી તરસ છીપાવે છે. વૃક્ષોને ટકાવી રાખે છે. એવું જ આપણા જીવનનું સમજવું. જો સદ્‌ગુરુ રૂપી અમીઝરણ આપણા જીવનમાં સમાવ્યું હોય તો !!

- rasikvaland1965@gmail.com
mo. 9913426949

### ભાજપમાં જોડાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્ટી જે કામ સોંપશે તે કરવા તૈયાર છે. આમ મંત્રી બનવાના સપના જોનારો અલ્પેશ હવે માત્ર કાર્યકર બનીને રહી જાય તેવી ચર્ચાએ પણ જોર પકડયું છે. અલ્પેશ ઠાકોરની સાથે તેનો ઝભ્ભો પકડીને ગયેલા પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ કેસરિયો ખેસ ધારણ કરશે. આ સમયે ઓબીસી એકતામંચના અનેક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

### વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ યોજના હેઠળ યુગલ દીઠ ૧ લાખની સહાય ચુકવવામાં આવે છે.

**સરસ્વતી સાધના યોજના અન્વયે ૯૫૩૦ કન્યાઓને સાયકલનુ વિતરણ**

સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતિ જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી તેમજ કેટલી કન્યાઓને સાયકલનુ વિતરણ કરાયુ તેવા પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ આ યોજના હેઠળ ૯૭૨૬ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૯૫૩૦ અરજીઓને મંજુરી આપવામાં આવી છે. જયારે આ તમામ મંજુર અરજીઓ અન્વયે કન્યાઓને સાયકલનુ વિતરણ કરી દેવાયુ છે.

### ભવ્ય તોરણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવાયુ હતુ.શાળામાં આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃતિને વેગ આપવાના ઉમદા આશય સાથે વિદ્યાર્થીઓને આ પ્રવૃતિમાં જોડવામાં આવ્યા હતા. આ ભવ્ય તોરણ તૈયાર કરવા માટે સંસ્થાના ધો -૧ થી ૯ ના ૭૨૩૫ વિદ્યાર્થીઓ તેમજ તેમના ભાઈ બહેન ,દાદા દાદી સહીત ૨૫ હજારથી વધુ વ્યક્તિઓએ સહયોગ પુરો પાડયો છે. દરેક બાળક યુનિક છે તેવા અભિગમ સાથે કાર્યરત સંસ્થાના સ્વામી રામકૃષ્ણ સ્વામી વધુમાં જણાવ્યુ હતુ કે ભારતીય સંસ્કૃતિમાં તોરણની પ્રત્યેક તહેવારમાં આધ્યાત્મિક અસર છે. સંસ્કૃતિની આ વિશેષતાને વિશ્વફલક પર પહોંચાડવા માટે આ ૩૬૭૬૫ ફુટના ૧૦ કી મી થી લાંબા તોરણનુ નિર્માણ કરાયુ છે. આ તોરણના નિર્માણ માટે દોરી, ઉન, બંગડી, કાગળ , કલર,રીલ ,દર્પણ, મોતી, મણકા, ચાંદલા,કાપડ, લેસ, ડીસ , ભુંગળીઓ નેટ ,થર્મોકોલ સીડી સહીતની ચીજવસ્તુઓનો ઉપયોગ કરાયો છે.

### ધરપકડ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. અમેરિકી વિભાગે હાફિઝ સઈદને વૈશ્વિક આતંકવાદી તરીકે જાહેર કરી દીધો છે. વર્ષ ૨૦૧૨ બાદથી તેને આતંકવાદી તરીકે જાહેર કરવામાં આવી ચુક્યો છે. તેના ઉપર માહિતી આપનારને ૧૦ મિલિયન ડોલરનું ઈનામ પણ અમેરિકાએ જાહેર કર્યું હતું. હાફિઝ સઈદની ધરપકડ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી દબાણ હેઠળ પાકિસ્તાની સત્તાવાળાઓએ આતંકવાદી ગતિવિધિ માટે ફંડ એકત્રિત કરવા ટ્રસ્ટનો ઉપયોગ કરવા તેમના ખાતાઓ જાળવવાના મામલામાં લશ્કરે તોઈબા, જમાદ ઉદ દાવા અને તેની ચેરિટીમાં તપાસ હાથ ધરી હતી.

### સુધારા બિલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એનઆઈએને વધારે શક્તિશાળી બનાવી શકાય. પ્રસ્તાવના સંદર્ભમાં માહિતી આપતા સુત્રોએ કહ્યું છે કે, સુધારા એનઆઈએને સાયબર અપરાધ અને માનવ તસ્કરીના મામલા સાથે જોડવામાં આવશે. બીજી બાજુ આજે રાજ્યસભામાં આ બિલ પસાર થઈ ગયા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, એનઆઈએને વધુ તાકાત મળી ગઈ છે.

### આજે ફેંસલો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેઆર રમેશ ધારાસભ્યોના મામલે નિર્ણય કરનાર છે. એવી શક્યતા પણ છે કે, સ્પીકર રમેશકુમાર ધારાસભ્યોના રાજીનામાને સ્વીકાર કરી લેશે. એક કોંગ્રેસી ધારાસભ્ય રોશન બેગ સસ્પેન્ડ થયેલા છે. બહુમતિ હાંસલ કરવા માટે કુમારસ્વામીને ૧૦૫ ધારાસભ્યોના સમર્થનની જરૂર છે.